# ***હુકમ***

ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે અ કામના આરોપી એ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૬૬(૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનુ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા, આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી, સંભળાવી, સમજાવતા, આરોપી એ ગુના ની કબુલાત કરવાની પુરશીશ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

આરોપી એ ગુનાની કબુલાત કરવાની પુરશીશ રજુ કરી જણાવે છે કે આરોપી ગરીબ વર્ગના તેમજ એકજ કમાનાર વ્યક્તી છે. તેમણે આ પહેલો ગુનો કરેલ છે અને ફરીવાર ગુનો નહી કરવાની ખાત્રી આપી દયાની માંગણી કરી યોગ્ય દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કેસની હકીકત તેમજ ગુનાની ગંભીરતા તથા કબુલાત ધ્યાને લેતા અને ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં ના. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાય રહે તેમ હોઈ ઉપરોક્ત સંજોગે ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો  હુકમ કરવામાં આવે છે.

Sentence and final order

આરોપી ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૬(૧)(બી) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવા માં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂપિયા ૧૦૦ (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩(ત્રણ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

Date on which the proceeding terminated

હુકમ આજરોજ તારીખ ૦૮ મી ડિસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Remark

સ્થળઃ– સુરત (અરૂણ સોની)
તારીખઃ– ૦૮/૧૨/૨૦૧૮ ૧૪ માં અધિક જ્યુડી. મેજી. ફ.ક., સુરત
જજ કોડ નં. જીજે–૦૧૪૨૨